# ડાર્ક વેબ- ડીપફેકના ડરામણા અપરાધોનું A ટુ Z

**સાયબર ક્રાઈમની દુનિયા ઝડપભેરવિસ્તરી રહી છે. અનેક સેલેબ્સના નકલી ચહેરા ઓનલાઈન પેશ કરીને જબરી ઠગાઈ કરતા સાયબર લૂટારા... આ ઠગ ટોળકી બે વિજાતીય પાત્ર વગર પણઉત્તેજક ફિલ્મ કે વીડિયો તૈયાર કરી શકે છે. આવાડાર્ક ડીપ વેબઅને ડીપ ડાર્ક ફેકના ખતરનાક ડિજિટલ કસબનો હેરતભર્યો એક્સ - રે....**

**ક્લોઝ-અપ જિંદગી**
★ ભરત ઘેલાણી

છેલ્લા કેટલાક દિવસોથી તમે અખબારોમાં એક સમાચાર વાંચતા હશો - ટીવી અને ડિજિટલ મીડિયા અને સોશ્યલ પ્લેટફોર્મ્સ પર પણ એ ન્યૂઝ તમારી નજરે ચઢતા હશે ... એમાંના બે શબ્દ તમારું ખાસ ધ્યાન ખેંચતા હશે. આ શબ્દ છે : ડીપ ડાર્ક વેબ અને ડીપફેક...

થોડા સમય અગાઉ સમાચાર આવ્યા હતા કે ઈન્ટરનેટનો સૌથી મોટો ડેટા લીક થયો જેમાં ૧૬ અબજથી વધુ પાસવર્ડ ચોરાય છે. પરિણામે એના વપરાશકર્તાઓના ઈ-મેલ સહિત ફેસબુક -ઈન્સ્ટાગ્રામ જેવાં વિવિધ સોશિયલ પ્લેટફોર્મ્સની અંગત માહિતીની ઉઠાંતરી થઈ છે. આ જ રીતે, ગત નવેમ્વર મહિનામાં વોટસએપ વાપરતાં આશરે ૩૫૦ કરોડ લોકોની અંગત માહિતી જોખમમાં મુકાઈ હતી.

આવી ઓનલાઈન ચીલઝડપમાં આશરે ૮૧ કરોડ ૫૦ લાખ ભારતીય નાગરિકોની અંગત માહિતી, જેમ કે એમનાં આધાર-પાન કાર્ડથી લઈને એમની બેન્કનાં નામ - એકાઉન્ટ નંબર-એમાં કેટલી રકમ બેલેન્સ છે ઉપરાંત એમના પાસપોર્ટ -ઈન્કમ ટેકસની બારીક વિગતો તેમ જ ફોનનંબર સહિતની માહિતી વેચાણ માટે 'ડાર્ક વેબ' પર વહેતી કરવામાં આવી હતી!

આ 'ડીપ ડાર્ક વેબ ' વિશે જાણતા પહેલાં આપણે વેબ એટલે શું એની પ્રાથમિક માહિતી મેળવી લઈએ. www એટલે 'વર્લ્ડ વાઈડ વેબ' પરથી આપણે ઈન્ટરનેટ દ્વારા જોઈતી માહિતી મેળવી શકીએ. આ વેબના ત્રણ વિભાગ છે. ગુગલ - બીંગ- ફાયરફોક્સ જેવાં સર્ચ એન્જિન દ્વારા સરળ રીતે માહિતી મેળવીએ એને 'સરફેસ વેબ' કહે છે. દાખલા તરીકે, તમે 'ગુગલ' સર્ચ એન્જિનને કામે લગાડીને પૂછો કે 'કઈ ભારતીય વ્યક્તિ વડાપ્રધાનપદે પહોંચી એ પહેલાં સ્ટેશન પર ચા વેચતી હતી?' તો તમને એનો ફટાક દઈને જવાબ મળી જશે .

બીજો પ્રકાર છે : 'ડીપ વેબ', જે હકીકતમાં સરફેસ વેબ કરતાં ૫૦૦ ગણો મોટો વિભાગ છે, જ્યાં ઠસોઠસ માહિતી એકઠી થઈ હોય છે પણ ચીલાચાલુ-રોજિંદા સર્ચ એન્જિનથી ત્યાં પહોંચી શકાતું નથી. એમાંથી માહિતી મેળવવા માટે વિશેષ સર્ચ એન્જિન-યોગ્ય બ્રાઉઝર અને પાસવર્ડની જરૂર પડે. એ મળે તો જ તમે જોઈતી માહિતી સુધી પહોંચી શકો કારણ કે અહીં તમારા ઈ-મેલ ઉપરાંત બીજા પાસવર્ડ- તમારી અને તમારી કંપનીના આર્થિક હિસાબ-કિતાબ- મેડિકલ રિપોર્ટ્સ- તમારા ફેસબુક-ઈન્સ્ટાગ્રામ- એક્સ (ટિવટર) જેવા સોશ્યલ મીડિયાની વિગતો સંઘરાયેલી હોય છે. માત્ર ગુગલ કરવાથી આ માહિતી હાથ ન લાગે.

હવે આ માહિતીના મહાસાગરની સૌથી તળિયે હોય છે ડાર્ક વેબ એટલે કે સ્ફોટક માહિતીનો મહા ખજાનો, જ્યાં એવી ગુપ્ત માહિતી સચવાયેલી હોય છે જે મોટાભાગે ગેરકાનૂની છે. ત્યાં સુધી કોઈ સામાન્ય હેકર પહોંચી ન શકે કારણ કે ત્યાંના ડેટા- માહિતીને 'એન્ક્રિપશન' સોફટવૅર દ્વારા કોડમાં એટલે કે એવા આંકડામાં ફેરવી નાખવામાં આવ્યા હોય છે કે કોઈ એને વાંચી ન શકે- ઉકેલી ન શકે. આ કામ માત્ર ડીપ વેબનો જાણકાર - નિપુણ હેકર જ કરી શકે.

આવી જડબેસલાક ગોઠવણને કારણે આ ડીપ ડાર્ક વેબ પર બધા જ પ્રકારના ગોરખધંધા ચાલે છે. નશીલા પદાર્થોથી લઈને હથિયારોની અહીં મોટા પાયે હેરાફેરી થાય છે. પોર્નોગ્રાફી-અશ્લીલ વીડિયોસનું અહીં મોટું બજાર છે. એ જ રીતે, મોટાભાગની સરકારે હજુ જેને પૂર્ણ માન્યતા નથી આપી એવી બિટ કોઈન્સ- ક્રિપ્ટો કરન્સી દ્વારા અહીં તગડા જુગાર રમાય છે- સોદા થાય છે. અરે, ઉદ્યોગપતિઓ પાસેથી ખંડણી- પ્રોટેક્શન મની પણ આ ડિજિટલ ચલણમાં વસૂલ થાય છે- ચૂકવાય છે.. આ ખુફિયા ડાર્ક વેબ પર અપહરણથી લઈને હત્યા સુધીની વરદી લેતાં વ્યાવસાયિક અપરાધીઓ પણ હાજર હોય છે. ચોક્કસ રકમની સુપારી લઈ કોઈનું પણ કામ કરી આપે! દાખલા તરીકે, આ છે એમનું મેન્યુ: રાબેતા મુજબની હત્યા કરવાનો ચાર્જ છે ૪૫ હજાર ડોલર- હત્યા કરીને એની લાશ ગુમ કરવાની કિંમત ૬૦ હજાર ડોલર- મારી મારીને ધોલાઈ કરી હાડકાં ભાંગવાના ૧૨ હજાર -જલદ એસિડથી તમારા દુશ્મનનો ચહેરો બેડોળ કરવાના ૧૮ હજાર ને દગો દઈને ગયેલી પ્રેયસી પર બળાત્કાર કરવાના 'માત્ર' ૯ હજાર ડોલર આપો એટલે કામ તમામ! એથી આગળ અતિ આધુનિક ડિજિટલ ટેક્નિકના જોરે એ જેટલી સિફતથી જંગી લૂંટ ચલાવી શકે છે એથી વધુ સહજતાથી 'સુપારી' લઈ કોઈ તગડા રાજકારણીની કિનખાબી કતલ કરી શકે છે અથવા તો તમે 'વરદી' આપો તો એની સરકાર પણ ઊથલાવી શકે છે! ડાર્ક વેબ -ડીપ વેબ પછી હમણાં નવા પ્રકારના વેબ ક્રાઈમના કિસ્સા વધુ ને વધુ બહાર આવી રહ્યા છે. અપરાધનો આ પ્રકાર છે : ડીપફેક.

- તો આ 'ડીપફેક' વળી શું છે? વેલ, સરળ ભાષામાં સમજીએ તો કમ્પ્યુટર દ્વારા સર્જિત 'આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સ' ( AI - કૃત્રિમ બુદ્ધિ)ની મદદથી કોઈ પણ મૂળ તસવીર કે વીડિયો ક્લિપ્સમાં જોઈતા કે ભળતા ફેરફાર કરવાની પ્રક્રિયાને 'ડીપફેક' કહે છે. આ ફેરફાર એટલી કુશળતાથી કરવામાં આવે છે કે એ તદ્દન સાચા ભાસે. ફિલ્મ જગત સહિતની અનેક જાણીતી હસ્તી- સેલિબ્રિટીસ, જેમ કે મુકેશ અંબાણીથી લઈને ઐશ્વર્યા રાય-કેટરિના કેફ- રશ્મિકા મંદાના - સચીન તેંદુલકર- વિરાટ કોહલી - આલિયા- રનબીર કપૂર - સલમાન- આમિર ખાન, અક્ષયકુમાર ઈત્યાદિ, ઈત્યાદિ જેવી માનીતી - જાણીતી વ્યક્તિઓ આ ડીપફેકના શિકાર બની ચૂકી છે.

- અને એટલે જ આવા જાણીતા ચહેરા પોતાના નામ સાથે અપરાધ ન થાય એટલે એને રોકવા માટે સાયબર સ્પેસના આવા કસબીઓથી ત્રાહિમામ પોકારીને પોતાના 'પર્સનાલિટી રાઈટસ'ની સુરક્ષા માટે કોર્ટ સુધી પહોંચ્યા છે.

આજના ડિજિટલ યુગમાં 'ડીપફેક'નો વધુમાં વધુ ઉપયોગ - કહો કે દુરોપયોગ ફેક ન્યૂઝ-ખોટા સમાચાર તૈયાર કરવામાં ઉપરાંત પોર્નોગ્રાફી સામગ્રી તૈયાર કરવામાં વપરાય છે.

અભિનેત્રી શિલ્પા શેટ્ટીના કરોડપતિ પતિ રાજ કુન્દ્રાના જ્યારથી પોર્નોગ્રાફીનાં ઢગલાબંધ સ્કેન્ડલ્સ જાહેરમાં પ્રગટ થયાં છે ત્યારથી આ 'ડીપફેક' શબ્દ આપણા કાને વધુ અથડાવા માંડયો કારણ એ જ કે રાજ કુન્દ્રાના કિસ્સામાં કેટલીક મોડલ્સ- નવોદિત એક્ટ્રેસનાં નામ માર્કેટમાં ઉછળ્યાં છે એમાંથી કેટલીકે કહ્યું છે કે એમને આ વિવાદ સાથે કંઈ લાગતું-વળગતું નથી. અમારી ઈમેજ 'ડીપફેક' કરીને આવી પોર્નોગ્રાફી વીડિયો કે શોર્ટ ફિલ્મોમાં વાપરવામાં આવી છે!

'ડીપફેક' સાથે પોર્નોગ્રાફીને શું સંબંધ?

વેલ, બે વિજાતીય પાત્ર વગર પણ ઉત્તેજક ફિલ્મ કે વીડિયો તૈયાર કરી શકે છે 'ડીપફેક'નો ડિજિટલ કસબ. વિદેશોમાં આ 'ડીપફેક'નો વ્યાપક ઉપયોગ અશ્લીલ ફિલ્મો- વીડિયો ક્લિપ્સ બનાવવા માટે થઈ રહ્યો છે. આવી ફિલ્મ્સ આંતરરાષ્ટ્રીય માર્કેટમાં 'સિન્થેટિક પોર્ન' તરીકે ઓળખાય છે. બીજી તરફ હવે ઓનલાઈન બીજાની બદનામી કરવા ઉપરાંત ખંડણી વસૂલીના અપરાધ વધ્યા છે- વધી રહ્યા છે. આપણી પોલીસ કે સાયબર ડિટેકશન સેલ માટે ચિંતાનો વિષય એ છે કે આના અપરાધીઓ મોટેભાગે આજની યુવા પેઢી છે. આવા યુવા -અપરાધી મોટેભાગે પ્રેમભંગ પછી સામેની વિજાતીય વ્યક્તિને બદનામ કરીને બદલો લેવા ઈચ્છતા હોય છે. બીજો વર્ગ એવો પણ છે કે જે માત્ર પોતાની આર્થિક તંગી ટાળવા જાણીતી હસ્તી વિશેની 'ડીપફેક' દ્વારા વાંધાજનક સામગ્રી તૈયાર કરીને એની પાસેથી ખંડણી વસૂલવાના પેંતરા કરે છે. આવા 'ડીપફેક'ની વધુ ફરિયાદ ઉત્તર પ્રદેશ સાયબર સેલને મળે છે. છેલ્લા સમાચાર અનુસાર ૨૪૦ જેટલી ફરિયાદ મળી છે. મુંબઈ તો ફિલ્મ - ફેશન -ગ્લેમર ઉદ્યોગનું કેન્દ્ર છે. અહીં પણ ૨૦૦ જેટલી ફરિયાદ પોલીસ પાસે આવી છે. આમાંથી કેટલા અપરાધી ઝડપાયા એનો ચોક્કસ આંક મળતો નથી. કેટલાક પકડાય છે તો એ ધંધાદારી અપરાધી નથી પણ હોતા. આવા સાયબર સ્પેસના બાજીગરોથી બચવાનો શ્રેષ્ઠ ઉપાય છે ઓનલાઈન પર ખુદ સાબદા રહેવું. આપણા સાયબર ક્રાઈમ સેલની સલાહ મુજબ : - કોઈને આપણો પાસવર્ડ કે OTP આપવો નહીં.

- કોઈ અજાણી લીન્ક ક્લિક કરવી નહીં.

- ફોન પર આવતી કોઈ કહેવાતી પોલીસની 'હાઉસ એરેસ્ટ'ની ધમકી ફગાવી દેવી. દુનિયાની કોઈ પણ પોલીસ ફોન પર કોઈની ધરપકડ કરતી નથી - કરી શક્તી નથી! •





















▶▶ડીપફેકના શિકાર બનેલા અને ભાવિ શિકાર બનવાના ભય સાથે 'પર્સનાલિટી રાઈટસ' માટે કોર્ટના દ્વારે પહોંચેલાં સેલેબ્સ